# મોડાસા નર્મદા પાઈપલાઈનમાં ભંગાણ



મોડાસા નર્મદા પાઈપલાઈનનો વાલ્વ તૂટી જતા હજારો કયુસેક પાણી વેડફાતા પ્રજાજનો ગુસ્સે ભરાયા છે. મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ પરથી પસાર થતી નર્મદા યોજનાની પાઈપલાઈન પસાર થાય છે. આ પાઈપલાઈન દ્વારા નર્મદા નદીના નીરથી માઝુમ ડેમમાં પાણી ઠાલવવામાં આવે છે ત્યારે પાઈપલાઈન નાખવામાં હલકી કક્ષાનું મટેરીયલ્સ વાપરવામાં આવ્યું હોવાથી પાઈપલાઈન પર લગાવવામાં આવેલો વાલ્વ તૂટી જતા હજારો કયુસેક પાણી વેડફાઈ ગયું હતું. વાલ્વ તૂટી જતા રોડ પર પાણીની નદીઓ વહેતા ભર ઉનાળે અહીંથી પસાર થતા વાહનચાલકોમાં પાણીનો ઉપયોગ વાહનો ધોવામાં કરતા હતા અને ઉનાળાની કાળઝાળ ગરમીમાં હજારો લીટર કયુસેક પાણી વેડફાઈ જતા અહીંથી પસાર થતા પ્રજાજનો સરકારી તંત્રની બેદરકારી સામે રોષે ભરાયા હતા. વાલ્વ તૂટી જવા છતા અને પાણીનો વ્યય થવા છતાં સરકારી અધિકારીઓએ વાલ્વ લીકેજને રોકવા માટે તાત્કાલિક પગલા ન ભરતા સરકારી બાબુઓની ઉપેક્ષાના લીધે કેટલાય ગામડાના પ્રજાજનોનું પીવાનું પાણી છીનવાઈ ગયું હતું. અહીંથી પસાર થતા ગામડાના લોકો સાત સાત દિવસ સુધી પીવાનું પાણી મળતું નથી ત્યારે માર્ગ પરથી વહી જતા પાણી જોઈને નિસાસા નાંખતા નજરે પડતા હતા.



## ઈડરમાં આગ ઓકતી ગરમી : પારો ૪૫.૬ ડીગ્રી પહોંચ્યો

સાબરકાંઠા જીલ્લામાં આ વર્ષે જાણેકે કુદરત રૂઠી હોય તેમ ઉનાળો શરૂ થતાની સાથે જ ગરમીએ માનવીઓ અને પશુઓને બાનમાં લીધા હોય તેમ લાગી રહ્યું છે. સતત વધી રહેલી ગરમીને કારણે પ્રજા તોબા પોકારી ગઈ છે ત્યારે શનિવારે ઈડરમાં ગરમીનો પારો ૪૫.૬ ડીગ્રી નોંધાયો હતો. જેના કારણે સમગ્ર જીલ્લામાં જાણે કે ગરમી આગ ઓકતી હોય તેવો અહેસાસ થયો હતો.

શનિવારે સવારથી જ સુર્યદેવ જાણે કે રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને ઉંચે ચઢી રહ્યા હોય તેમ ગરમી અનુભવાઈ હતી. ઈડર અને આસપાસના વિસ્તારોમાં શનિવારે ગરમીનો પારો ૪૫.૬૦ ડીગ્રી નોંધાતા ઈડરના પથ્થરોમાંથી સતત ગરમ પવન ફુંકાઈ રહ્યો હોવાથી ઈડરવાસીઓ તથા ડુંગરના રસ્તે થઈને અંબાજી હિંમતનગર તરફ જતા વાહન ચાલકોના લમણા શેકાઈ ગયા હતા. એટલું જ નહીં પણ વાહનોના એસી જાણે કે ઠંડો પવન ફુકતા ન હોય તેવો અહેસાસ થયો હતો.

ઉપરાંત હિંમતનગ,ર, પ્રાંતિજ, તલોદ, વડાલી, ખેડબ્રહ્મા, શામળાજી, ભિલોડા સહિતના અનેક સ્થળે શનિવાર ગરમ રહ્યો હતો. ગરમીને કારણે સવારે ૧૧ વાગતાની સાથે જ રસ્તાઓ પણ સુમસામ બની ગયા હતા. બપોરના સુમારે બજારોમાં પણ લોકોની અવર જવર ઓછી જણાઈ હતી. હજુ તો વરસાદ થવાની આડે ખાસ્સા દિવસો બાકી છે ત્યારે આગામી દિવસોમાં ગરમીને કારણે માનવીઓ અને પશુપંખીઓની શી હાલત થશે તેની કલ્પના કરવી રહી.

જોકે ગ્રામ્ય વિસ્તારોમાં સતત પડી રહેલી ગરમીને કારણે ખેતરોમાં કામ કરતા ખેડૂતો અને ખેત મજુરો પણ બપોરે ઝાડના છાયડામાં બેસી ગયા હતા. પશુઓ પણ સતત ગરમીને કારણે ત્રાહીમામ પોકારી ગયા છે ત્યારે કેટલેક ઠેકાણે ચરવા જતા પશુઓ પાણીના ખાબોચીયા શોધતા હતા. એક તરફ સતત પડી રહેલી ગરમીને કારણે જીલ્લાવાસીઓ તોબા પોકારી ગયા છે ત્યારે બીજી તરફ જીલ્લામાં અનેક ઠેકાણે મોટા ડેમમાં પાણીની સપાટી સતત ઘટી રહી છે. જેના કારણે જીલ્લામાં અનેક ઠેકાણે બોર કુવાઓમાં પાણી સ્તર નીચે જતા પીવાના પાણીની સમસ્યા વધુ વિકટ બની રહી છે.

## પાલનપુરમાં શનિ જયંતિની આસ્થાભેર ઉજવણી

પાલનપુર, તા. ૪

પાલનપુર ખાતે સૂર્યપુત્ર શનિદેવની જન્મ જયંતિની ભારે શ્રદ્ધાપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. શનિ અમાવાસના દિવસે જ શનિ જયંતિનો સુભગ સમન્વય આવતા પાલનપુર શહેરના શનિ મંદિરો સહિત હનુમાનજીના મંદિરોમાં આજે ભક્તિનું ઘોડાપુર ઉમટ્યું હતું. શ્રદ્ધાળુઓએ શનિમહારાજને રીઝવવા માટે હોમ-હવન, પ્રાર્થના સહિત વિશેષ આરાધના કરી હતી.

સૂર્ય પુત્ર અને યમરાજાના ભાઈ શનિમહારાજની જન્મ જયંતિની આજે પાલનપુરમાં ભારે આસ્થાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુરના ખોડા લીમડા વિસ્તારમાં આવેલ શનિદેવના મંદિર ખાતે આજે વહેલી સવારથી જ ભક્તોનો ભારે ધસારો રહ્યો હતો. શનિદેવ ઉપરાંત હનુમાન મંદિર ખાતે પણ ભક્તિનું ઘોડાપુર ઉમટ્યું હતું. શનિમહારાજ સહિત હનુમાનજીના મંદિરોમાં આજે હોમ-હવન અને ભજન સત્સંગના કાર્યક્રમો યોજાયા હતા.



## ઉછા મહિલા તલાટી ફરજ પર હાજર ન રહેતા નોટીસ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઉછા ગામે આવેલ ગામ પંચાયતમાં તંત્ર દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવતા ઉછા ગામે ગ્રામ પંચાયતમાં મહિલા તલાટી હાજર ના રહેતા અને પંચાયતને ખંભાતી તાળા લટકતા હોવાથી તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલ દ્વારા નોટીસ પાઠવવામાં આવી છે.

પ્રાંતિજના ઉછા ગામે આવેલ ગ્રામ પંચાયતમાં મહિલા તલાટી દ્વારા અવારનવાર ફરજ ઉપર હાજર ના રહેવાને કારણે મામરોલી ગ્રામજનો દ્વારા ફરીયાદ ઉઠવા પામી હતી અને ગ્રામ પંચાયતમાં છેલ્લા ચાર મહિનાથી મહિલા તલાટી હાજર ના રહેવાના કારણે લોકોને પંચાયતના કામને લઈને ધક્કા ખાવાનો વારો આવ્યો હતો. જ્યારે આ અંગેની જાણ પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલના ધ્યાને આવતા તેવોએ તા. ૩-૬-૨૦૧૬ને શુક્રવારના રોજ ૧૧.૪૫ કલાકે ઉછા ગામે તપાસણી કરવામાં આવતા મહિલા તલાટી એસ.જે. પટેલ સેજા ઉપર હાજર રહેલ નહી અને ગ્રામ પંચાયત દરવાજે લોક મારેલ હતુ અને અગાઉ મીટીંગમાં સુચના આપવામાં આવી હતી કે જો આપ અન્ય સરકારી કામ માટે જવાના હોય તો નોટીસ બોર્ડ ઉપર દર્શાવવું અને તે પણ દર્શાવેલ ન હોવાથી તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલ દ્વારા તાત્કાલિક ગેરહાજરી બાબતે દિન બે માં પુરાવા સાથે ખુલાસો કરવાની નોટીસ પાઠવી છે અને જો સમય મર્યાદમાં જવાબ રજુ કરવામાં નહી આવે તો તમારી આજની ગેરહાજરી બદલ બની પગારી રજા ગણવામાં આવશે જેથી હજુ કેટલાય આવા ગુલ્લીબાજ તલાટીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.



બાયડ ખાતે આવેલ વૈષ્ણોદેવી મંદિરમાં તા.૪-૬-૧૬ના રોજ વૈશાખ વદ-૧૪ ને શનિવારે શનિદેવની પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ હતી. જેમાં બાયડનગર માઈ ભક્તો ઉમટી પડયા હતા. જેમાં ૧૦૦૮ શ્રી રામકુમારદાસજી મહારાજ-ચોઈલા, શ્રી લક્ષ્મણદાસ મહારાજ-સાંઈબાબા મંદિર, શ્રી સીતારામદાસ મહારાજ-વૈષ્ણોદેવી મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠામાં ઉપસ્થિતિ રહ્યા હતાં. અંતે મહાપ્રસાદીનું આયોજન રાખવામાં આવ્યું હતું.

## હિંમતનગર તાલુકાની ત્રણ પ્રાથમિક શાળાઓમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના જાંબુડી, રાજેન્દ્રનગર અને હાથરોલ ગામની પ્રાથમિક શાળામાં મે મહિનામાં થયેલી ચોરીઓ અંગે તત્કાલિન ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. જે અંગે પોલીસે તપાસ કરી શુક્રવારે રાત્રે બાતમીના આધારે હિંમતનગરના મહાવીરનગરમાંથી મોબાઈલનો વ્યવસાય કરતા એક દુકાનદારની અટકાયત કરી તેની પાસેથી કેટલોક મુદ્દામાલ કબ્જે લેવાયો હતો. તથા પુછપરછ દરમિયાન પ્રાથમિક શાળામાં થયેલી ચોરીમાં અન્ય ત્રણ શખ્સ સંડોવાયેલા હોવાની કબુલાત કરતા ગાંભોઈ પોલીસે તેમને પકડવાની તજવીજ હાથ ધરી છે. ગાંભોઈના પીએસઆઈ જી.વી.ગોહિલના જણાવાયા મુજબ ગત તા. ૧૩ મે ના રોજ જાંબુડી ગામની પ્રાથમિક શાળામાંથી અજાણ્યા શખ્સો રૂ. ૧૨,૫૦૦ ની કિંમતનું એક કોમ્પ્યુટર તથા પ્રોજેક્ટર ચોરી કરી લઈ ગયા હતા. તેજ પ્રમાણે ગત તા. ૧૧ મે ની રાત્રે રાજેન્દ્રનગર ખાતે આવેલ સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટની પ્રાથમિક શાળામાં પણ અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી રૂ. ૧૫ હજારના કોમ્પ્યુટરની ચોરી કરી હતી.

## ઉનાવામાં જુથ અથડામણ

ઊંઝા, તા. ૪

ગઈકાલે ઊંઝા નજીકના ઉનાવા ગામે અગાઉ મુસ્લિમોના બે જૂથો વચ્ચે થયેલ અથડામણોની અદાવતને લઈને દરગાહ વિસ્તારમાં મુસ્લિમોના એક જૂથે બીજા જૂથના બે વ્યક્તિઓ ઉપર હથિયારો વડે હૂમલો કર્યો હતો. જેમાં બે જણા ઘાયલ થયા હતા. જે પૈકી એક વ્યક્તિને ગંભીર ઈજા થતા તેને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ બનાવ સંદર્ભે સરફરાજ ઉર્ફે લાલો ગુલાબ મહંમદ મેમણની ફરિયાદના આધારે ઉનાવા પોલીસે હુલ્લડ, શારીરિક મહાવ્યથા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બાબતે સ્થાનિક મુઝાવરોના આઠ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ગુનાના આરોપીઓમાં મોહંમદહનીફ ફકીરમહંમદ સૈયદ, માસૂમઅલી નાશીરમીયાં સૈદય, સમરઅલી ઈબ્રાહીમમીયાં સૈયદ, સાહબાઝહુસેન સઈદામીયાં સૈયદ, હસીનમહંમદ ફકીરમહંમદ સૈયદ, જુનેદમીયાં મુસ્તાકમીયાં સૈયદ, નુરઈલાહી ફજ્જુમીયાં સૈયદ, જુરૂલમીયાં સાદતમીયાં સૈયદ રહે. તમામ ઉનાવાનો ઉલ્લેખ કરાયેલ છે.

દરમિયાન ગઈકાલના હૂમલા સંદર્ભે આજે સવારના ૧૧ વાગ્યાના સુમારે ત્રણ ચાર જેટલા હથિયારધારી શખ્સોએ સામેના ગૃપના એક યુવાનને આંતરીને ભરબજારમાં તેની પર હૂમલો કરવાની કોશીષ કરી હતી. પરંતુ આસપાસમાંથી લોકો આવી જતાં તેનો બચાવ થયો હતો.

ઉનાવામાં ગઈકાલની ઘટનાને પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવાયેલ છે. તેમ છતાં આજે બજાર વિસ્તારમાં છમકલું થતાં વેપારીઓમાં ભયની લાગણી ફેલાઈ હતી. મુસ્લિમોના બે જૂથો વચ્ચે છેલ્લા કેટલાક વખતથી અવારનવાર સામાન્ય બાબતે અથડામણના બનાવો બની રહ્યા છે. તેમ છતાં સ્થાનિક પોલીસ તંત્ર તરફથી કોઈ અસરકારક કડક પગલાં ભરાતા નથી. સંવેદનશીલ એવા ઉનાવા નગરમા કોમીએખલાસમાં ભંગ ન પડે તે માટે પોલીસે સાવચેતી દાખવીને તોફાની તત્વોને જેર કરવા જોઈએ તેવું વેપારીઓમાં બોલાય છે.

બીજુ ઉનાવા પોલીસ સ્ટેશને પી.એસ.ઓ.ના ચાર્જમાં બેસતા એક અમલદાર અખબારોના રીપોર્ટરોને નોંધાયેલ ગુનાઓ વિશેની માહિતી આપતા નથી અને ઉદ્ધતાઈભર્યુ વર્તન દાખવી સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની ધમકી આપતા હોય છે. કહે છે કે આ અમલદાર ફરિયાદીઓને પણ વ્યવસ્થિત જવાબ આપતા નથી તેમ લોક ફરિયાદ ઉઠી છે.

# પ્રાંતિજ પાસે અંબુજા ફેક્ટરીમાં ૩૫ કામદારો અચાનક છૂટા કરાતાં ઉહાપોહ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર પાસે આવેલ અંબુજા ફેક્ટરી કે જેમાં કોર્ટન વિભાગમાં કામ કરતાં ૩૫ જેટલા કામદારોને અડધી રાત્રે કંપની દ્વારા સિક્યુરીટીની મદદથી બળજબરી રૂમોમાંથી બહાર કાઢી મુકવામાં આવ્યા હતા અને તેમને સામાન સાથે બસમાં બેસાડી હિંમતનગર ખાતે છોડી દેવામાં આવ્યા હતા.

પ્રાંતિજના વૃંદાવન પાસે આવેલ અંબુજા ફેક્ટરી દ્વારા કંપનીમાં કામ કરતાં કામદારોની રૂમ ઉપર જઈ અડધી રાત્રે કંપનીના સિક્યુરીટીના માણસો સાથે રાખીને રૂમમાંથી સામાન બહાર ફેંકી ૩૫ જેટલા એમપીના કામદારોને બસમાં બેસાડી હિંમતનગર ખાતે મુકી આવવામાં આવ્યા હતા. જ્યારે કામદારો



વિક્રમસિંહ, કોમલબેન, ચંપાબેન રહે. તમામે તમામ એમ.પી.ના જણાવ્યા પ્રમાણે તેવોને રાત્રીના ૩ કલાકે હિંમતનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદની રજુઆત કરતાં હદને લઈને હિંમતનગરની પોલીસે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા જણાવ્યું હતું. જ્યારે કામદારો દ્વારા મોટો ટેમ્પો કરી સામાન સાથે પ્રાંતિજ પોલીસ સ્ટેશન આવી પહોંચ્યા હતા. અને કંપની સામે ફરીયાદ કરતાં પોલીસે કામદારોના પક્ષે રહીને બાકી નિકળતો પગાર પોલીસ સ્ટેશનમાં ચુકવવામાં આવ્યો હતો અને કામદારોનું કહેવું છે કે કંપની દ્વારા ૧૨ થી ૧૬ કલાક કામ કરાવવામાં આવે છે ત્યારે જોવાનું એ રહ્યું કે હજુ આવા બીજા કેટલા કામદારોનું કંપની દ્વારા શોષણ થતું હશે ત્યારે ખરેખર આવી કંપનીઓમાં તપાસ થાય તો કેટલુએ બહાર આવે તેમ છે.



### પોલીસનું શું કહેવું છે

કામદારો અહીં તેમના બાકી નીકળતા પગાર માટે આવ્યા હતા અને કંપનીએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જ પગાર ચુકવેલ છે અને અંદરો અંદર સમજોતો થઈ ગયો છે. જેથી અમે કોઈ કાર્યવાહી હાથ ધરી નથી.

### કામદારોનું શું કહેવું છે

અમોને કંપનીમાં રાત દિવસ કામ કરવામાં આવે છે અને તેના બદલામાં પુરતુ વળતર આપવામાં આવતું નથી, અને મહિલાઓને પણ રાત-દિવસ મશીનની જેમ ૧૨ થી ૧૬ કલાક કામ લેવામાં આવે છે. અને રાત્રીના સમયે મહિલાઓની છેડતી કરવામાં આવે છે.

### કંપનીનું શું કહેવું છે

મેનેજરની સાથે ખરાબ વર્તન કર્યુ હતુ અને કામ છોડીને જાતે ચાલ્યા ગયા છે આ કોઈ મેજર ઈશ્યુ નથી આવુ તો થતું રહે છે આ તો રૂટીન મેટલ છે અને વરકરો તેમનો ખોટી રીતે બચાવ કરે છે.

